# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

---

Ref no. PN 2025-26/025 Dt. 01/07/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

**DGVCL દ્વારા LTMD સર્વિસ ધરાવતા વીજ ગ્રાહકોને અલગથી આપેલા પૂરવણી બીલ અંગે ચેમ્બર દ્વારા ગાંધીનગર ખાતે ગુજરાતના નાણાં અને ઉર્જા મંત્રી શ્રી કનુભાઇ દેસાઇને રજૂઆત**

**પૂરવણી બીલ પર વ્યાજ લાગશે નહીં તેની પણ ખાત્રી ગુજરાતના નાણાં અને ઉર્જા મંત્રી શ્રી કનુભાઇ દેસાઇએ ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા સહિતના પ્રતિનિધિ મંડળને આપી**

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાની આગેવાનીમાં ચેમ્બરની ડીજીવીસીએલ કમિટીના એડવાઇઝર શ્રી સુરેશ પટેલ અને ચેરમેન શ્રી મયુર ગોળવાલા સહિતના પ્રતિનિધિ મંડળે મંગળવાર, તા. ૧લી જુલાઇ ૨૦૨૫ના રોજ ગાંધીનગર ખાતે ગુજરાતના માનનીય નાણાં અને ઉર્જા મંત્રી શ્રી કનુભાઇ દેસાઇને રૂબરૂ મળીને ડીજીવીસીએલના પૂરવણી બીલ અંગે રજૂઆત કરી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બરના પ્રતિનિધિ મંડળે ગુજરાતના નાણા અને ઉર્જા મંત્રી શ્રી કનુભાઇ દેસાઇને દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ તરફથી LTMD સર્વિસ ધરાવતા વીજ ગ્રાહકોને અલગથી આપેલા પૂરવણી બીલ સંબંધિત પ્રશ્નોની રજૂઆત કરી હતી. ડીજીવીસીએલ તરફથી અલગથી આપેલા પૂરવણી બીલને કારણે ઉદ્યોગકારોને થઇ રહેલી મુશ્કેલી સંદર્ભે મંત્રીશ્રીને વિસ્તૃત રજૂઆત કરવામાં આવી હતી. જેને પગલે ગુજરાતના નાણાં અને ઉર્જા મંત્રી શ્રી કનુભાઇ દેસાઇએ હાલમાં ડીજીવીસીએલ તરફથી અલગથી આપેલા પૂરવણી બીલ ભરવાના નથી તેમ જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ ચેમ્બરના પ્રતિનિધિ મંડળને જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા ઉપરોકત સંદર્ભે દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ સાથે ચર્ચા વિચારણા કરવામાં આવશે. ત્યારબાદ આ પૂરવણી બીલ કેટલા હપ્તામાં ભરવા તે અંગેની જાણ ડીજીવીસીએલ તરફથી કરવામાં આવશે. નાણાં અને ઉર્જા મંત્રીએ એવી પણ ખાત્રી આપી હતી કે

જ્યાં સુધી ડીજીવીસીએલ દ્વારા પૂરવણી બીલ ભરવા સંબંધિત જાણ કરવામાં આવશે નહી ત્યાં સુધી કોઇ પણ કર્મચારી વીજ કનેકશન ડીસ્કનેકટ કરવા આવશે નહીં. આ ઉપરાંત પૂરવણી બીલ પર વ્યાજ લાગશે નહી તેની પણ ખાત્રી ગુજરાતના નાણાં અને ઉર્જા મંત્રી શ્રી કનુભાઇ દેસાઇએ ચેમ્બરના પ્રતિનિધિ મંડળને આપી હતી.